PROCEEDING OF THE 21st MEETING OF COMBINED AGRESCO OF SAUs OF GUJARAT

ORGANIZED BY

S. D. AGRICULTURAL UNIVERSITY
SARDARKRUSHINAGAR

(MAY, 05 - 27, 2025)

DIRECTORATE OF RESEARCH
S. D. AGRICULTURAL UNIVERSITY
SARDARKRUSHINAGAR 385506

CONTENT

21.1 CROP IMPROVEMENT

Date & Venue: May 5-7, 2025 at AAU, Anand

Chairman	Dr. K. B. Kathiria	Hon'ble Vice Chancellor, AAU, Anand
Co-Chairman	Dr. A.G. Pansuriya	Director of Research, JAU, Junagadh
	Dr. S. D. Solanki	Principal and Dean (Agri), CPCA, SDAU, Sardarkrushinagar
Rapporteurs	Dr. P. B. Patel	Research Scientist, MRRC, NAU, Navsari
	Dr. M. G. Valu	Research Scientist (Cotton), CRS, JAU, Junagadh
	Dr. D. A. Patel	Research Scientist, Dept. of Agril. Biotech., AAU, Anand
	Dr. R. A. Gami	Associate Research Scientist, CRM, SDAU, Deesa
Statistician	Dr. D. J. Parmar, Professor, Dept. of Ag. Statistics, BACA, AAU, Anand	

At the outset, Dr. M. K. Jhala, Director of Research & Dean, P.G. Studies, AAU, Anand welcomed Chairman and Hon'ble Vice Chancellor of AAU, Co-Chairman, Conveners of CISC from different SAUs, Rapporteurs and all the members of the Combined AGRESCO of SAUs of Gujarat.

Dr. K. B. Kathiria, Hon'ble Vice-Chancellor, AAU, Anand and Chairman, congratulated and appreciated the efforts of all the scientists for developing new varieties in agriculture and horticulture. He appealed all crop breeders to develop farmer-oriented varieties and make efforts to popularize the released varieties among farmers and bring into seed chain.

Presentation of Release Proposals, Recommendations and New Technical Programmes by conveners of SAUs

Sr. No.	Name	Designation and University
1	Dr. B. N. Patel	Research Scientist, PRS, AAU, Vadodara
2	Dr. M. G. Valu	Research Scientist (Cotton), CRS, JAU, Junagadh
3	Dr. R. K. Patel	Professor and Head, Dept. of GPB, NMCA, Navsari
4	Dr. P. J. Patel	Research Scientist, SSRS, SDAU, Jagudan

Summary of the Release Proposals, Recommendations and New Technical Programmes

Name of University	Proposed				Approved			
	Crop Varieties	Farmer Reco.	Scientific Reco.	NTPs	Crop Varieties	Farmer Reco.	Scientific Reco.	NTPs
AAU	10	-	-	02	10	-	-	02
JAU	06	-	01	01	06	-	01	01
NAU	12	-	-	-	12	-	-	-
SDAU	04	-	-	03	04	-	-	02
Total	**32**	**-**	**01**	**06**	**32**	**-**	**01**	**05**

21.1.1 RELEASE PROPOSALS OF VARIETIES/HYBRIDS FOR FARMING COMMUNITY

ANAND AGRICULTURAL UNIVERSITY, ANAND

21.1.1.1	**Cherry Tomato: Gujarat Cherry Tomato 301 (GCT 301: Anand Lalima)**
	The farmers of cherry tomato growing areas of Gujarat are recommended to grow biofortified (High lycopene, iron, zinc, calcium, magnesium and potassium content) cherry tomato variety, Gujarat Cherry Tomato 301 (GCT 301: Anand Lalima) during *Kharif-rabi* season. The proposed variety gave 154 q/ha average fruit yield in Gujarat which was 31.78 *per cent* higher than the check GACT 1. Fruits are red in colour, circular shape in longitudinal section and flat shape at blossom end. The fruits of this variety contain high total soluble solid, crude fiber, total soluble sugars, lycopene, crude protein, iron, zinc, calcium, magnesium, potassium and phosphorus as compared to the check GACT1. This variety has lower level of tomato leaf curl virus disease, number of whiteflies per leaf and fruit damage by fruit borer infestation than the check GACT 1.
	ચેરી ટામેટા: ગુજરાત ચેરી ટામેટા ૩૦૧ (જીસીટી ૩૦૧: આણંદ લાલીમા)
	ગુજરાતમાં ખરીફ-રવી ઋતુ દરમ્યાન ચેરી ટામેટા ની ખેતી કરતાં ખેડૂતોને બાયોફોર્ટીફાઈડ (વધુ લાયકોપીન, લોહ, ઝીંક, કેલ્શીયમ, મેગ્નેશીયમ અને પોટેશીયમ ધરાવતી) ગુજરાત ચેરી ટામેટા ૩૦૧ (જીસીટી ૩૦૧: આણંદ લાલીમા) જાતનું વાવેતર કરવા માટે ભલામણ કરવામાં આવે છે. આ જાતનું સરેરાશ ઉત્પાદન ૧૫૪ કિવ./હે. જોવા મળેલ છે જે અંકુશ જાત જીએસીટી ૧ કરતા ૩૧.૭૮ ટકા વધારે માલુમ પડેલ છે. આ જાતના ટામેટાં લાલ રંગના, ગોળાકાર અને નીચેના ભાગથી સપાટ માલૂમ પડેલ છે. આ જાતના ફળોમાં પોષણયુક્ત તત્વો જેવા કે, કુલ દ્રાવ્ય ઘન પદાર્થો, રેસાઓનું પ્રમાણ, કુલ દ્રાવ્ય શર્કરા, લાયકોપીન, ક્રૂડ પ્રોટીન, લોહ, ઝીંક, કેલ્શીયમ, મેગ્નેશીયમ, પોટેશીયમ, અને ફોસ્ફરસનું પ્રમાણ અંકુશ જાત જીએસીટી ૧ કરતાં ઘણું વધારે માલુમ પડેલ છે. આ જાતમાં પાનનાં કોકડવાનો રોગ, ફળ કોરીખાનાર ઈયળ તથા સફેદમાખીથી થતું નુકસાન અંકુશ જાત જીએસીટી ૧ કરતાં ઓછા પ્રમાણમાં જોવા મળેલ છે.
	Approved by the house with the following suggestions 1. Point 9(a): Verify plant height data with table 4 2. Point 9(h)- Write correct table number 3. Check average yield data in proposal 4. Correct the year of cross made 5. Add organoleptic data 6. Consider as biofortified variety
	***[Action:** Research Scientist (Veg), MVRS, AAU, Anand]*
21.1.1.2	**Cherry Tomato: Gujarat Cherry Tomato 302 (GCT 302: Anand Kundan)**
	The farmers of cherry tomato growing areas of Gujarat are recommended to grow biofortified (High iron, zinc, calcium, magnesium and potassium content) cherry tomato variety, Gujarat Cherry Tomato 302 (GCT 302: Anand Kundan) during *Kharif-rabi* season. The proposed variety gave 144 q/ha average fruit yield in Gujarat which was 23.34 *per cent* higher than the check GACT 1. Fruits are yellow in colour, circular shape in longitudinal section, flat shape at blossom end and yellow colour of flesh at maturity. The fruits of this variety contain high total soluble solid, crude fiber, total soluble sugars, β carotene, crude protein, iron, zinc, calcium, magnesium, potassium and phosphorus as compared to the check GACT 1. This variety has lower level of

	tomato leaf curl virus disease, number of whiteflies per leaf and fruit damage by fruit borer infestation than the check GACT 1.
	ચેરી ટામેટા: ગુજરાત ચેરી ટામેટા ૩૦૨ (જીસીટી ૩૦૨: આણંદ કુંદન)
	ગુજરાતમાં ખરીફ-રવી ઋતુ દરમ્યાન ચેરી ટામેટાની ખેતી કરતાં ખેડૂતોને બાયોફોર્ટીફાઈડ (વધુ લોહ, ઝીંક, કેલ્શીયમ, મેગ્નેશીયમ અને પોટેશીયમ ધરાવતી) ગુજરાત ચેરી ટામેટા ૩૦૨ (જીસીટી ૩૦૨: આણંદ કુંદન) જાતનું વાવેતર કરવા માટે ભલામણ કરવામાં આવે છે. આ જાતનું સરેરાશ ઉત્પાદન ૧૪૪ કિવ./હે. જોવા મળેલ છે જે અંકુશ જાત જીએસીટી ૧ કરતા ૨૩.૩૪ ટકા વધારે માલુમ પડેલ છે. આ જાતના ટામેટાં પીળા રંગના, ગોળાકાર અને નીચેના ભાગથી સપાટ માલૂમ પડેલ છે. આ જાતના ફળોમાં પોષણયુક્ત તત્વો જેવાકે, કુલ દ્રાવ્ય ઘન પદાર્થો, રેસાઓનું પ્રમાણ, કુલ દ્રાવ્ય શર્કરા, બીટા કેરોટીન, ફ્રૂડ પ્રોટીન, લોહ, ઝીંક, કેલ્શીયમ, મેગ્નેશીયમ, પોટેશીયમ અને ફોસ્ફરસ નું પ્રમાણ અંકુશ જાત જીએસીટી ૧ કરતાં ઘણું વધારે માલુમ પડેલ છે. આ જાતમાં પાનનાં કોકડવાનો રોગ, ફળ કોરીખાનાર ઈયળ તથા સફેદમાખીથી થતું નુકસાન અંકુશ જાત જીએસીટી ૧ કરતાં ઓછા પ્રમાણમાં જોવા મળેલ છે.
	Approved by the house with the following suggestions 1. Point No. 9(h)- Write correct table number 2. Check average yield data in proposal 3. Correct the year of cross made 4. Mention the detail of pedigree separately in annexure 5. Add organoleptic data 6. Consider as biofortified variety
	***[Action:** Research Scientist (Veg), MVRS, AAU, Anand]*
21.1.1.3	**Bitter Gourd: Gujarat Bitter Gourd 1 (GBT 1: Anand Karnika)**
	The farmers of Gujarat are recommended to grow bitter gourd variety Gujarat Bitter Gourd 1 (GBT 1: Anand Karnika) during *kharif* and summer seasons. This proposed variety recorded average fruit yield 130 and 110 q/ha which was 25.76 and 23.48% higher over the check CO 1 during *kharif* and summer seasons, respectively in Gujarat. The variety has medium size spindle shaped fruits having dark green skin with conspicuous tubercles. This variety has less prevalence of bitter gourd mosaic virus and powdery mildew disease reaction as well as fruit fly infestation as compared to the check CO 1. The variety contains higher true protein (0.54%), ascorbic acid (92.17 mg/100gm), flavonoids (0.028%) and crude fiber (1.41%) as compared to check CO 1.
	કારેલા :ગુજરાત કારેલા ૧ (જીબીટી ૧: આણંદ કર્ણિકા)
	ગુજરાતમાં ચોમાસું અને ઉનાળું ઋતુમાં કારેલાની ખેતી કરતા ખેડૂતોને ગુજરાત કારેલા ૧ (જીબીટી ૧: આણંદ કર્ણિકા) જાતનું વાવેતર કરવા માટે ભલામણ કરવામાં આવે છે. ગુજરાતમાં ચોમાસું ઋતુમાં આ જાતનું સરેરાશ ઉત્પાદન ૧૩૦ કિવ./ હે અને ઉનાળું ઋતુમાં ૧૧૦ કિવ./ હે જોવા મળેલ છે, જે અંકુશજાત સીઓ ૧ કરતા અનુક્રમે ૨૫.૭૬ અને ૨૩.૪૮ ટકા વધારે છે. આ જાતના ફળ મધ્યમ લાંબા, ઘાટા લીલા રંગના અને ત્રાકાકાર આકાર તેમજ સપાટી ઉપર ખાંચા ધરાવે છે. આ જાતમાં અંકુશ જાત સીઓ ૧ ની સરખામણીમાં પંચરંગીયો અને ભૂકીછારોનો રોગ તેમજ ફળમાખીનું નુકસાન ઓછુ જોવા મળેલ છે. આ જાતમાં ૦.૫૪% પ્રોટીન, ૯૨.૧૭ મિલી/૧૦૦ ગ્રામ એસ્કોર્બીક

	એસીડ, ૦.૦૨૮% ફ્લેવેનોઈડ અને ૧.૪૧% રેસાઓનું પ્રમાણ જોવા મળેલ જે અંકુશ જાત સીઓ ૧ કરતા વધારે છે.
	The proposal was approved by the house
	***[Action:** Research Scientist (Veg), MVRS, AAU, Anand]*
21.1.1.4	**Chilli : Gujarat Vegetable Chilli 122 (GVC 122: Anand Agni)**
	The farmers of green chilli growing areas of Gujarat are recommended to grow chilli variety, Gujarat Vegetable Chilli 122 (GVC 122: Anand Agni) during *Kharif-rabi* season. The proposed variety gave 144 q/ha average green fruit yield in Gujarat which was 27.66% higher than the check GVC 121. Fruits of this variety have dark intensity of green colour, blunt shape of apex and highly pungent at unripe stage with smooth texture and medium glossiness**.** The variety contains higher flavonoid (0.045%), total antioxidant activity (0.276%), ascorbic acid (13.23 mg/100g), acidity (0.275%), total chlorophyll (0.482 mg/g) and capsaicin (0.234%) as compared than check GVC 121. This variety has lower chilli leaf curl disease, fruit damage by fruit borer and number of thrips/leaf as compared to the check GVC 121.
	મરચા: ગુજરાત શાકભાજી મરચા ૧૨૨ (જીવીસી ૧૨૨: આણંદ અગ્નિ)
	ગુજરાતમાં ખરીફ-રવી ઋતુ દરમ્યાન લીલા મરચાની ખેતી કરતાં ખેડૂતોને ગુજરાત શાકભાજી મરચા ૧૨૨ (જીવીસી ૧૨૨: આણંદ અગ્નિ) જાતનું વાવેતર કરવા માટે ભલામણ કરવામાં આવે છે. આ જાતનું સરેરાશ ઉત્પાદન ૧૪૪ કિવ./હે. જોવા મળેલ છે જે અંકુશ જાત જીવીસી ૧૨૧ કરતા ૨૭. ૬૬ ટકા વધારે માલુમ પડેલ છે. આ જાતના મરચાં ઘાટ્ટા લીલા રંગના, અણી વગરના તેમજ સ્વાદે વધારે તીખા, લીસી સપાટીવાળા તથા મધ્યમ ચળકાટ ધરાવતા માલૂમ પડેલ છે. આ જાતમાં ફ્લેવેનોઈડ (૦.૦૪૫%), કુલ એન્ટીઓક્સિડન્ટ એક્ટીવીટી (૦.૨૭૬%), એસ્કોરબીક ઍસિડ (૧૩.૨૩ મીલીગ્રામ/૧૦૦ ગ્રામ), એસીડીટી (૦.૨૭૫%), ટોટલ ક્લોરોફીલ (૦.૪૮૨ મીલીગ્રામ/૧૦૦ ગ્રામ) અને કેપ્સીસીન (૦.૨૩૪%) નું પ્રમાણ અંકુશ જાત જીવીસી ૧૨૧ કરતાં વધારે હોવાનું માલુમ પડેલ છે. આ જાતમાં પાનનાં કોકડવાનો રોગ, ફળ કોરી ખાનાર ઈયળ તથા થ્રીપ્સનો ઉપદ્રવ અંકુશ જાત જીવીસી ૧૨૧ કરતાં ઓછા પ્રમાણમાં જોવા મળેલ છે.
	Approved by the house with the following suggestions 1. Correct the name of location 'Sihori' instead of 'Sirohi' 2. Add missing DUS characters as per the guidelines 3. Correct the non-significant group as per the check 4. Add ancillary observations: Days to first picking and total number of pickings
	***[Action:** Research Scientist (Veg), MVRS, AAU, Anand]*
21.1.1.5	**Brinjal: Gujarat Small Round Brinjal 101 (GSRB 101: Anand Samuh)**
	The farmers of Gujarat are recommended to grow brinjal variety Gujarat Small Round Brinjal 101 (GSRB 101: Anand Samuh) during *kharif-rabi* season. The proposed variety recorded 410 q/ha average fruit yield in Gujarat condition. It depicted 12.47, 20.44 and 20.96 *per cent* higher fruit yield than the checks GRB 7, ABSR 2 and Swarna Mani Black, respectively. It has erect plant growth habit, sinuate leaf margin

	and absence of stem anthocyanin colouration. It has prominent clustering pattern with more number of fruits. The variety has pear shaped fruit with dark intensity of purple colour of fruit skin and strong stem pubescence. It has less or comparable prevalence of little leaf disease reaction, jassid, whitefly as well as shoot and fruit borer damage as compared to the checks. The proposed variety contains higher total antioxidant activity (0.373 mg/100g) and carotenoid (4.93 mg/100g) as compared to the check varieties.
	રીંગણ: ગુજરાત નાના ગોળ રીંગણ ૧૦૧ (જીએસઆરબી ૧૦૧ : આણંદ સમુહ)
	ગુજરાતમાં ખરીફ-રવી ઋતુ દરમિયાન રીંગણની ખેતી કરતા ખેડૂતોને ગુજરાત નાના ગોળ રીંગણ ૧૦૧ (જીએસઆરબી ૧૦૧: આણંદ સમુહ) જાતનું વાવેતર કરવા માટે ભલામણ કરવામાં આવે છે. રાજ્ય સ્તરે આ જાતનું સરેરાશ ઉત્પાદન ૪૧૦ કિવ./ હે. જોવા મળેલ છે જે અંકુશ જાતો જીઆરબી ૭, એબીએસઆર ૨ અને સ્વર્ણમણી બ્લેક કરતા અનુક્રમે ૧૨.૪૭, ૨૦.૪૪ અને ૨૦.૯૬ ટકા વધારે માલુમ પડેલ છે. આ જાતનાં છોડની વૃદ્ધિ સીધી, પાંદડાની ધાર સાંકડી અને થડ પર કોઈ પણ પ્રકારનો રંગ જોવા મળતો નથી. આ જાતના રીંગણ વધારે ઝૂમખામાં લાગે છે તથા ફળ શંકુ આકારના, ચળકતા, આકર્ષક અને ફળની છાલ ઘેરા જાંબલી રંગની હોય છે. આ જાતમાં અંકુશ જાતોની સરખામણીમાં ઘટ્ટીયા પાનનો રોગ, તડતડીયા, સફેદમાખી તથા ડૂંખ અને ફળ કોરી ખાનાર ઈયળનું નુકસાન ઓછુ અથવા તેના જેટલુ જોવા મળેલ છે. આ જાતમાં એન્ટીઓક્ષીડન્ટ એક્ટીવીટી (૦.૩૭૩ મીલીગ્રામ/૧૦૦ગ્રામ) અને કેરોટીન (૪.૯૩%) બધી અંકુશ જાતો કરતાં વધારે માલુમ પડેલ છે.
	Approved by the house with the following suggestions 1. In recommendation paragraph use word 'Absence' instead of 'Absent' 2. Point No. 11 (a) : Mention the over all yield data
	[Action:** Research Scientist (Veg), MVRS, AAU, Anand**]
21.1.1.6	**Fodder Bajra: Gujarat Fodder Bajra 5 (GFB 5: Anand Virat)**
	The farmers of Gujarat are recommended to grow fodder bajra variety Gujarat Fodder Bajra 5 (GFB 5: Anand Virat) during *kharif* as a single cut and summer season as a multi-cut (3 cuts). In *kharif* season, under single cut, this variety gave average green fodder yield of 522 q/ha, which is 22.72 and 18.09 *per cent* higher than the checks GAFB 4 (LC) and Giant Bajra (NC), respectively. It also produced average dry matter yield of 194 q/ha, which is 30.86 and 28.95 *per cent* higher than the checks GAFB 4 and Giant Bajra, respectively. In summer season under multi-cut (3 cuts, 1st at 55-60 DAS, 2nd at 30-35 days after 1st cut and 3rd at 30-35 days after 2nd cut) in Gujarat, the variety produced average green fodder yield of 1216 q/ha, which is 17.70 and 19.35 *per cent* higher than the checks GAFB 4 and Giant Bajra, respectively. It also yielded average dry matter of 245 q/ha, which is 20.07 and 25.41 *per cent* higher than the checks GAFB 4 and Giant Bajra, respectively. The proposed variety has medium dark green foliage, medium thick stem and medium early flowering in single cut. It has higher plant height, more tillers per plant and more leaves per plant. The proposed

	variety contains 18.92% dry matter, 9.72% crude protein, 74.78% neutral detergent fiber, 41.84% acid detergent fiber, 52.44% *in vitro* dry matter digestibility and 1.61% oxalate. It showed moderately resistant reaction against *blast* disease and lower stem borer infestation as compared to the checks GAFB 4 and Giant Bajra.
	ઘાસચારા બાજરી: ગુજરાત ઘાસચારા બાજરી ૫ (જીએફબી ૫ : આણંદ વિરાટ)
	ગુજરાતમાં ઘાસચારા બાજરી ની ખેતી કરતા ખેડૂતોને ચોમાસુ ઋતુમા એક કાપણી અને ઉનાળુ ઋતુમા બહુ કાપણી (ત્રણ વાઢ) માટે ગુજરાત ઘાસચારા બાજરી ૫ (જીએફબી ૫ : આણંદ વિરાટ) જાતનું વાવેતર કરવા ભલામણ કરવામાં આવે છે. ચોમાસુ ઋતુમા, એક કાપણીમાં આ જાતનાં લીલાચારાનું સરેરાશ ઉત્પાદન ૫૨૨ કિવ./ હે. મળેલ, જે અંકુશ જાતો જીએએફબી ૪ અને જાયન્ટ બાજરા કરતાં અનુક્રમે ૨૨.૭૨ અને ૧૮.૦૯ ટકા વધારે જોવા મળેલ છે. જયારે સુકાચારાનું સરેરાશ ઉત્પાદન ૧૯૪ કિવ./ હે. મળેલ, જે અંકુશ જાતો જીએએફબી ૪ અને જાયન્ટ બાજરા કરતાં અનુક્રમે ૩૦.૮૬ અને ૨૮.૯૫ ટકા વધારે છે. ઉનાળુ ઋતુમા, બહુ કાપણી (ત્રણ વાઢ, પ્રથમ વાઢ વાવણીના ૫૫ થી ૬૦ દિવસ પછી, બીજી વાઢ પ્રથમ વાઢના ૩૦ થી ૩૫ દિવસ પછી અને ત્રીજી વાઢ બીજી વાઢના ૩૦ થી ૩૫ દિવસ પછી) માં આ જાતનાં લીલાચારાનું સરેરાશ ઉત્પાદન ૧૨૧૬ કિવ./હે. મળેલ, જે અંકુશ જાતો જીએએફબી ૪ અને જાયન્ટ બાજરા કરતાં અનુક્રમે ૧૭.૭૦ અને ૧૯.૩૫ ટકા વધારે છે. જયારે તેમાંથી મળતા સુકાચારાનું સરેરાશ ઉત્પાદન ૨૪૫ કિવ./હે. મળેલ, જે અંકુશ જાતો જીએએફબી ૪ અને જાયન્ટ બાજરા કરતાં અનુક્રમે ૨૦.૦૭ અને ૨૫.૪૧ ટકા વધારે જોવા મળેલ છે. આ જાતના પાન મધ્યમ ઘાટા લીલા, થડ મધ્યમ જાડું અને એક કાપણીમાં ડુંડાની શરૂઆત થવામાં મધ્યમ વહેલી છે. આ જાતના છોડની ઉંચાઈ, છોડ દીઠ ફૂટની સંખ્યા અને પાનની સંખ્યા વધુ છે. આ જાતમાં ૧૮.૯૨% શુષ્ક પદાર્થ, ૯.૭૨% ક્રુડ પ્રોટીન, ૭૪.૭૮% ન્યૂટ્રલ ડિટર્જેંટ ફાઇબર, ૪૧.૮૪% એસીડ ડિટર્જેંટ ફાઇબર, ૫૨.૪૪% ઈનવિટ્રો શુષ્ક પદાર્થની પાચ્યતા અને ૧.૬૧% ઓક્ઝેલેટ છે. અંકુશ જાતોની સરખામણીએ, આ જાત પાનના ખડખડીયા (કરમોડી)ના રોગ સામે મધ્યમ પ્રતિકારકતા ધરાવે છે અને ગાભમારાની ઈયળનો ઉપદ્રવ ઓછો જોવા મળેલ છે.
	Approved by the house with the following suggestions 1. Add the data of digestibility (IVDMD %) 2. Add missing DUS characters as per the guidelines 3. Recast the salient features: Precise and short 4. Delete the data of check variety GFB 1 from proposal
	[Action: *Research Scientist (Forage), MFRS, AAU, Anand*]
21.1.1.7	**Lucerne: Gujarat Lucerne 5 (GL 5: Anand Charu)**
	The farmers of Gujarat are recommended to grow lucerne variety Gujarat Lucerne 5 (GL 5: Anand Charu) during *Rabi* season as an annual crop. This variety gave average

	green fodder yield of 655 q/ha in five cuts during the *Rabi* season, which is 17.12, 12.63 and 20.39 *per cent* higher than the checks Anand 2, AL 3 and RL 88, respectively. It also produced dry matter yield of 157 q/ha, which is 21.35, 14.69 and 21.82 *per cent* higher than the checks Anand 2, AL 3 and RL 88, respectively. The proposed variety has higher plant height and more number of tillers per square meter as well as number of leaves per plant. On quality point of view, the proposed variety contains 22.30% dry matter, 20.91% crude protein and 0.72% saponin. This variety has lower infestation of insect-pests (aphids, thrips and heliothis) as compared to the checks.
	રજકો: ગુજરાત રજકો ૫ (જીએલ ૫ : આણંદ ચારુ)
	ગુજરાતમાં વર્ષાયુ રજકાની ખેતી કરતા ખેડૂતોને શિયાળુ ઋતુમાં ગુજરાત રજકો ૫ (જીએલ ૫ :આણંદ ચારુ) જાતનું વાવેતર કરવા ભલામણ કરવામાં આવે છે. આ જાતમાં શિયાળુ ઋતુ દરમ્યાનની પાંચ કાપણીમાં લીલાચારાનું સરેરાશ ઉત્પાદન ૬૫૫ કિવ./ હે. મળેલ, જે અંકુશ જાતો આણંદ ૨, એએલ ૩ અને આરએલ ૮૮ કરતાં અનુક્રમે ૧૭.૧૨, ૧૨.૬૩ અને ૨૦.૩૯ ટકા વધારે જોવા મળેલ છે. જયારે સુકાચારાનું સરેરાશ ઉત્પાદન ૧૫૭ કિવ./ હે. મળેલ, જે અંકુશ જાતો આણંદ ૨, એએલ ૩ અને આરએલ ૮૮ કરતાં અનુક્રમે ૨૧.૩૫, ૧૪.૬૯ અને ૨૧.૮૨ ટકા વધારે છે. આ જાતના છોડની ઉંચાઈ અને મીટર દીઠ ફૂટની સંખ્યા તેમજ છોડ દીઠ પાનની સંખ્યા વધુ છે. ગુણવત્તાની દ્રષ્ટિએ, આ જાતમાં ૨૨.૩૦% શુષ્ક પદાર્થ, ૨૦.૯૧% ક્રુડ પ્રોટીન અને ૦.૭૨% સેપોનીન છે. અંકુશ જાતોની સરખામણીએ, આ જાતમાં જીવાતો (મોલો, થ્રીપ્સ અને લીલી ઈયળ)નો ઉપદ્રવ ઓછો જોવા મળેલ છે.
	Approved by the house with the following suggestions 1. Recast the salient features: Precise and short 2. Add missing DUS characters as per the guidelines 3. In breeding method: Point 5 (c) and Annexure-I mention the words 'selective bulking'
	[Action: *Research Scientist (Forage), MFRS, AAU, Anand*]
21.1.1.8	**Maize: Gujarat Maize Hybrid 7 (GMH 7: Anand Samrat)**
	The farmers of maize growing areas of Gujarat are recommended to grow Gujarat Maize Hybrid 7 (GMH 7 : Anand Samrat) during *Kharif* season. This hybrid gave average 7662 kg/ha kernel yield and recorded 49.2, 7.2 and 11.6 % higher yield than checks GAYMH-1, GMH 5 and Bio-605, respectively. It is medium maturing and having yellow semi-dent kernels with high test weight (398 g). This hybrid is moderately resistant against Maydis Leaf Blight, *Turcicum* Leaf Blight and *Fusarium* stalk rot disease. This hybrid also shows moderate resistance to Fall Army Worm. It contains 70.67 % starch, 12.91% protein, 4.59% oil, 0.54% tryptophan in protein and 3.26 % lysine in protein. This hybrid exhibits climate resilience to drought and heat stress conditions.
	મકાઇ: ગુજરાત મકાઇ હાઇબ્રીડ ૭ (જીએમએચ ૭ : આણંદ સમ્રાટ)
	ગુજરાતમાં મકાઇ પાકનુ વાવેતર કરતાં ખેડુતોને ખરીફ ઋતુમાં ગુજરાત મકાઇ

	હાઇબ્રીડ ૭ (જીએમએચ ૭ :આણંદ સમ્રાટ) નું વાવતેર કરવા માટે ભલામણ કરવામાં આવે છે. આ સંકર જાત સરેરાશ ૭૬૬૨ કિગ્રા/હેકટર દાણાનુ ઉત્પાદન આપે છે, જે અંકુશ જાતો ગુજરાત આણંદ પીળી મકાઇ હાઇબ્રીડ-૧ (જીએવાયએમએચ-૧), જીએમએચ ૫, અને બાયો-૬૦૫ કરતાં અનુક્રમે ૪૯.૨, ૭.૨ અને ૧૧.૬% જેટલુ વધારે માલુમ પડેલ છે. આ સંકર જાત મધ્યમ પાકતી, પીળા રંગના દાણા ધરાવતી અને દાણાનુ વધારે વજન (૧૦૦૦ દાણા - ૩૯૮ ગ્રામ) ધરાવે છે. આ સંકર જાત પાનના સુકારા અને થડના કોહવારા સામે મધ્યમ પ્રતિકારક શક્તિ ધરાવે છે. આ સંકર જાત પૂંછડે ચાર ટપકાવાળી ઇયળ સામે પણ મધ્યમ પ્રતિકારક શક્તિ ધરાવે છે. આ જાતના દાણામાં ૭૦.૬૭% સ્ટાર્ચ, ૧૨.૯૧% પ્રોટીન, ૪.૫૯% તેલ, ૦.૫૪% ટ્રીપ્ટોફેન અને ૩.૨૬% લાયસીન જોવા મળેલ છે. આ સંકર જાત ઉંચા તાપમાન અને જમીનમાં ભેજના ખેચ સામે આબોહવાકીય પ્રતિરોધકતા ધરાવે છે.
	Approved by the house with the following suggestions 1. Correct the mean as per number of locations 2. Point No. 9 (i): Delete water logging condition.
	[Action: *Research Scientist, MMRS, AAU, Godhra***]**
21.1.1.9	**Guar: Gujarat Guar 4 (GG 4: Anand Pancham)**
	The farmers of Gujarat are recommended to grow guar variety, Gujarat Guar 4 (GG 4: Pancham) during *kharif* and summer seasons. The proposed guar variety exhibited 1376 kg/ha average seed yield in *kharif* and *summer* seasons, which was 24.86 and 14.38 % higher than the checks GG 1 and GG 2, respectively. In the *kharif* season, it gave 1467 kg/ha seed yield, which was 8.26 and 13.89 % higher over checks GG 1 and GG 2, respectively whereas, in summer season, it produced 1255 kg/ha seed yield which was 65.35 and 15.35% higher over checks GG 1 and GG 2, respectively. The proposed variety has medium maturity, erect in nature and generally mono stem growth habit. Seeds of this genotype have 27.94 % gum content and 8.88% TSS, which is comparable with the checks. It has comparable prevalence of powdery mildew and bacterial leaf blight disease and lower infestation of white fly and jassids as compared to checks GG 1 and GG 2.
	ગુવાર: ગુજરાત ગુવાર ૪ (જીજી ૪: આણંદ પંચમ)
	ગુજરાતમાં ગુવારની ખેતી કરતા ખેડુતોને ગુજરાત ગુવાર ૪ (જીજી ૪: આણંદ પંચમ) જાતનુ ચોમાસું અને ઉનાળુ ઋતુમા વાવેતર કરવા ભલામણ કરવામાં આવે છે. ગુવારની આ જાત ગુજરાતમાં સરેરાશ બીજ ઉત્પાદન ૧૩૭૬ કિગ્રા./હે. આપે છે, જે અંકુશ જાતો જીજી ૧ અને જીજી ૨ કરતા અનુક્રમે ૨૪.૮૬ અને ૧૪.૩૮% વધારે છે. ગુજરાતમાં આ જાત ચોમાસું ઋતુમાં ૧૪૬૭ કિગ્રા./હે. બીજ ઉત્પાદન આપે છે, જે અંકુશ જાતો જીજી ૧ અને જીજી ૨ કરતા અનુક્રમે ૮.૨૬ અને ૧૩.૮૯% વધારે છે. જ્યારે ઉનાળુ ઋતુમાં ૧૨૫૫ કિગ્રા./હે. બીજ ઉત્પાદન આપે છે જે અંકુશ જાતો જીજી ૧ અને જીજી ૨ કરતા અનુક્રમે ૬૫.૩૫ અને ૧૫.૩૫% વધારે છે. આ મધ્યમ પાકતી અને ઉભડી પ્રકારની જાત છે તથા છોડના થડ ઉપર સામાન્ય

	રીતે ડાળીઓ જોવા મળતી નથી. આ જાતના બીજમાં ૨૭.૯૪% ગમ (ગુંદર) અને ૮.૮૮% કુલ દ્રાવ્ય શર્કરા છે જે અંકુશ જાતના સપ્રમાણમાં જોવા મળેલ છે. આ જાતમાં ભુકીછારો અને જીવાણુથી થતા પાનના સુકારાના રોગનું પ્રમાણ અંકુશ જાતો જીજી ૧ અને જીજી ૨ જેટલું તેમજ સફેદમાખી અને તડતડીયાનું પ્રમાણ સદર અંકુશ જાતો કરતા ઓછું જોવા મળેલ છે.
	Approved by the house with the following suggestions 1. Recast the salient features: Precise and short
	[Action: *Associate Research Scientist, ARS, AAU, Derol***]**
21.1.1.10	**Rice: Gujarat Drilled Rice 202 (GDR 202: Panam Dhan)**
	The farmers of Gujarat are recommended to grow drilled rice variety Gujarat Drilled Rice 202 (GDR 202: Panam Dhan) during *kharif* under rainfed condition. The proposed direct seeded rice variety recorded 3441 kg/ha grain yield which was 32.7, 34.5 and 39.1% higher than the check varieties, AAUDR 1, Purna and GR 16, respectively under rainfed condition in the Gujarat state. The proposed variety is early in maturity and medium tall. The grain of this variety is medium slender and have 80.83 milling percent and 70.58% head rice recovery. It is resistant against sheath rot while, moderately resistant against bacterial leaf blight and grain discoloration. It is also found resistant against leaf folder and moderately resistant against stem borer under drilled condition.
	ડાંગર :ગુજરાત ઓરાણ ડાંગર ૨૦૨ (જીડીઆર ૨૦૨ : પાનમ ધાન)
	ગુજરાતનાં ખેડૂતોને વરસાદ આધારિત ડાંગરની ખેતી માટે ઓરાણ ડાંગરની જાત ગુજરાત ઓરાણ ડાંગર ૨૦૨ (જીડીઆર ૨૦૨ : પાનમ ધાન) ની ભલામણ કરવામાં આવે છે. આ સીધી વાવણી હેઠળની જાત ૩૪૪૧ કી.ગ્રા./હે. ઉત્પાદન આપે છે, જે અંકુશ જાતો એએયુડીઆર ૧, પુર્ણા અને જીઆર ૧૬ કરતાં અનુક્રમે ૩૨.૭, ૩૪.૫ અને ૩૯.૧% વધુ જોવા મળેલ છે. આ જાત વહેલી પાકતી અને મધ્યમ ઉંચાઇવાળી છે અને દાણા મધ્યમ પાતળા છે, જેના મીલીંગના ટકા ૮૦.૮૩ અને આખા ચોખાનું પ્રમાણ ૭૦.૫૮% છે. આ જાત ઓરાણ વાવેતરમાં થડના કોહવારા સામે પ્રતિકારક જયારે જીવાણુંજન્ય સુકારો અને ભૂખરા દાણાના રોગ સામે મધ્યમ પ્રતિકારકતા, જ્યારે પાન વાળનાર ઇયળ સામે પ્રતિકારકતા અને ગાભમારાની ઇયળ સામે મધ્યમ પ્રતિકારકતા ધરાવે છે.
	Approved by the house with the following suggestions 1. Mention variety as 'short slender grain' 2. Re-analyzed data of quality parameters 3. Recast the salient features
	[Action: *Research Scientist (Rice), MRRS, AAU, Nawagam***]**

21.1.1.11	**Pigeon Pea: Gujarat Tur 112 (GT 112: Sorath Bhuri)**
	Farmers of Gujarat state growing pigeonpea are recommended to grow dark red colour medium maturing (176 days) variety Gujarat Tur 112 (GT 112: Sorath Bhuri). It recorded 2245 kg/ha average seed yield, which was 8.6, 14.6, 18.9, 17.0, 9.4, 19.4 and 24.4 per cent higher over check varieties GJP 1, AGT 2, BDN 2, GT 104, GT 106, GT 108 and BDN 716, respectively. Seeds of this variety are of very large size (11.10 g/100 seeds). This variety found moderately resistant against wilt and SMD diseases with low pod borer damage.
	તુવેર: ગુજરાત તુવેર ૧૧૨ (જીટી ૧૧૨ : સોરઠ ભૂરી)
	ગુજરાત રાજ્યમાં તુવેરનું વાવેતર કરતા ખેડૂતોને ઘેરા લાલ રંગના દાણાની મધ્યમ પાકતી (૧૭૬ દિવસ) ગુજરાત તુવેર ૧૧૨ (જીટી ૧૧૨ : સોરઠ ભૂરી) જાતનું વાવેતર કરવા ભલામણ કરવામાં આવે છે. આ જાતમાં દાણાનું સરેરાશ ઉત્પાદન ૨૨૪૫ કિ.ગ્રા./હે. મળેલ છે, જે અંકુશ જાતો જીજેપી ૧, એજીટી ૨, બીડીએન ૨, જીટી ૧૦૪, જીટી ૧૦૬, જીટી ૧૦૮ અને બીડીએન ૭૧૬ કરતા અનુક્રમે ૮.૬, ૧૪.૬, ૧૮.૯, ૧૭.૦, ૯.૪, ૧૯.૪ અને ૨૪.૪ ટકા વધુ છે. આ જાતના દાણા કદમાં મોટા (૧૧.૧૦ ગ્રામ/૧૦૦ દાણા) છે. આ જાત સુકારા અને વ્યંધત્વના રોગ સામે મધ્યમ પ્રતિકારકતા ધરાવે છે, તેમજ શીંગ કોરી ખાનાર ઇયળથી ઓછુ નુકસાન જોવા મળેલ છે.
	Approved by the house with the following suggestions 1. Point 9 (b): Mention important distinguished morphological characters 2. Verify the data in table 7 (c) 3. Give the range of disease and insect-pest instead of mean in table 7 (a) to (d)
	[**Action:** *Research Scientist (Chickpea), Pulses Research Station, JAU, Junagadh*]
21.1.1.12	**Brinjal: Gujarat Long Brinjal-11 (GLB-11 : Sorath Priya)**
	The farmers of Gujarat state growing the brinjal crop during late *kharif* / *rabi* season are recommended to grow brinjal variety Gujarat Long Brinjal- 11 (GLB-11: Sorath Priya). The variety has recorded a mean fruit yield of 440 q/ha, which was 12.0, 12.4 and 20.8 per cent higher over check varieties *viz.,* GJLB-4 (393 q/ha), GAB-6 (390 q/ha) and Punjab Sadabahar (363 q/ha), respectively. The fruits of GLB-11 are medium in size with a medium long shape and pinkish in colour with good shining. This variety was found comparable to all check varieties against little leaf disease. Whitefly population was found low as compared to check varieties.
	રીંગણ: ગુજરાત લાંબા રીંગણ-૧૧ (જીએલબી-૧૧: સોરઠ પ્રિયા)
	ગુજરાત રાજયમાં મોડી ખરીફ/ શિયાળુ ઋતુમાં રીંગણનું વાવેતર કરતા ખેડૂતોને ગુજરાત લાંબા રીંગણ-૧૧ (જીએલબી-૧૧: સોરઠ પ્રિયા) જાતનું વાવેતર કરવા માટે ભલામણ કરવામાં આવે છે. આ જાતના ફળોનું સરેરાશ ઉત્પાદન ૪૪૦ ક્વિ./હે. મળેલ છે, જે અંકુશ જાતો જીજેએલબી-૪ (૩૯૩ કિવ./હે.), જીએબી-૬ (૩૯૦ ક્વિ./હે.) અને પંજાબ

	સદાબહાર (૩૬૩ ક્વિ./હે.) કરતા અનુક્રમે ૧૨.૦, ૧૨.૪ અને ૨૦.૮ ટકા વધુ માલુમ પડેલ છે. આ જાતનાં ફળો મધ્યમ કદ સાથે મધ્યમ લાંબા આકારના અને ગુલાબી રંગના તેમજ સારા ચળકાટવાળા છે. આ જાત લધુ પર્ણનાં રોગ સામે અંકુશ જાતો સાથે તુલનાત્મક રીતે સરખી જોવા મળે છે. સફેદમાખીનું પ્રમાણ અંકુશ જાતો કરતા ઓછું જોવા મળેલ છે.
	Approved by the house with the following suggestions 1. Verify the pedigree detail in 5 (a) and give detail flow chart in annexure 2. Add data of 50% flowering 3. Delete data of picking in table 4
	[**Action:** *Research Scientist (Garlic-Onion), Vegetable Research Station, JAU, Junagadh*]
21.1.1.13	**Bottle Gourd: Gujarat Bottle Gourd-2 (GBG-2: Sorath Nidhi)**
	The farmers of Gujarat State growing bottle gourd during *kharif* season are recommended to grow bottle gourd variety Gujarat Bottle Gourd-2 (GBG-2: Sorath Nidhi). The variety has recorded the mean fruit yield of 261 q/ha, which was 18.6 and 29.4 per cent higher over check varieties ABG-1 (220 q/ha) and Pusa Naveen (202 q/ha), respectively. The fruits of GBG-2 are medium long and elongated curved with flat shape of apex at peduncle end and attractive light greenish in colour. This variety was found moderately resistant to moderately susceptible against mosaic, resistant to moderately resistant against downy mildew disease and resistant to immune against powdery mildew disease.
	દુધી: ગુજરાત દુધી-૨ (જીબીજી-૨ : સોરઠ નિધી)
	ગુજરાત રાજયમાં ચોમાસું ઋતુમાં દુધીનું વાવેતર કરતા ખેડૂતોને દુધીની ગુજરાત દુધી-૨ (જીબીજી-૨ : સોરઠ નિધી) જાતનું વાવેતર કરવા માટે ભલામણ કરવામાં આવે છે. આ જાતનાં ફળોનું સરેરાશ ઉત્પાદન ૨૬૧ ક્વિ./હે. મળેલ છે, જે અંકુશ જાતો એબીજી-૧ (૨૨૦ ક્વિ./હે.) અને પુસા નવિન (૨૦૨ ક્વિ./હે.) કરતા અનુક્રમે ૧૮.૬ અને ૨૯.૪ ટકા વધુ માલુમ પડેલ છે. આ જાતનાં ફળો મધ્યમ લાંબા અને વિસ્તરેલ વળાંકવાળા સાથે ડીટના છેડે ટોચનાં સપાટ આકારનાં અને આકર્ષક આછા લીલાશ પડતા રંગનાં હોય છે. આ જાત પચરંગીયા રોગ સામે મધ્યમ સંવેદનશીલ થી મધ્યમ પ્રતિકારક, તળછારાનાં રોગ સામે પ્રતિકારક થી મધ્યમ પ્રતિકારક અને ભૂકી છારા રોગ સામે પ્રતિકારક શક્તિ ધરાવે છે.
	Approved by the house with the following suggestions 1. Verify the pedigree detail in 5 (a) and give detail flow chart in annexure 2. Delete data of picking in table 4
	[**Action:** *Research Scientist (Garlic-Onion), Vegetable Research Station, JAU, Junagadh*]
21.1.1.14	**Pearl Millet: Gujarat Hybrid Bajra 1305 (GHB 1305: Sorath Maru Shakti)**
	The *kharif* pearl millet growing farmers of Gujarat state are recommended to grow early maturing biofortified (high Fe and Zn content) hybrid GHB 1305 (Sorath Maru Shakti). This hybrid recorded average 2472 kg/ha grain yield which was 14.6% higher than check hybrid GHB-538. It has also recorded average 6203 kg/ha dry

	fodder yield which was 29.3% higher than check hybrid GHB-538. This hybrid found resistant against major pearl millet diseases like downy mildew, blast and rust and tolerant to resistant for pest like shoot fly, stem borer and *helicoverpa* larvae.
	બાજરા: ગુજરાત સંકર બાજરા ૧૩૦૫ (જીએચબી ૧૩૦૫: સોરઠ મરૂ શક્તિ)
	ગુજરાત રાજયમાં ખરીફ ઋતુમાં બાજરાનું વાવેતર કરતાં ખેડુતોને વહેલી પાકતી બાયોફોર્ટીફાઈડ (વધુ લોહ અને ઝસત તત્વ ધરાવતી) સંકર જાત જીએચબી ૧૩૦૫ (સોરઠ મરૂ શક્તિ) નું વાવેતર કરવાની ભલામણ કરવામાં આવે છે. આ જાતના દાણાનું સરેરાશ ઉત્પાદન ૨૪૭૨ કિ.ગ્રા./હે. છે, જે અંકુશ સંકર જાત જીએચબી-૫૩૮ કરતા ૧૪.૬ ટકા વધારે છે. તેમજ સુકાચારાનું સરેરાશ ઉત્પાદન ૬૨૦૩ કિ.ગ્રા./હે. જે અંકુશ સંકર જાત જીએચબી-૫૩૮ કરતા ૨૯.૩ ટકા વધારે છે. આ સંકર જાત બાજરાના મુખ્ય રોગો જેવા કે કુતુલ, પાનના ટપકાં અને ગેરુ સામે પ્રતિકારક, તેમજ જીવાતો જેવી કે સાંઠાની માખી, ગાભમારાની ઇયળ અને ડુંડા કોરી ખાનાર ઈયળ સામે સહનશીલ થી પ્રતિકારક જોવા મળેલ છે.
	Approved by the house with the following suggestions 1. Revise the DNA fingerprinting of proposed hybrid with parentage and check hybrids 2. Mention the range in table No. 7 and 8 3. Mention the distinguished morphological characters in point No. 9 (b) 4. Verify the pedigree detail in 5 (a) and give detail flow chart in annexure
	[**Action:** *Research Scientist (Pearl Millet), Pearl Millet Research Station, JAU, Jamnagar*]
21.1.1.15	**Sesame: Gujarat Til 21 (G. Til 21: Sorath Kalapi)**
	The farmers of Gujarat state growing sesame in *summer* season are recommended to grow Gujarat Til 21 (G.Til 21: Sorath Kalapi). This variety recorded seed yield of 1593 kg/ha which was 17.5 and 22.3 per cent higher over the check varieties GT 3 and GJT 5, respectively. Seeds of this variety are white and bold; and it recorded 47.37 % oil content. This variety showed lower incidence of stem and root rot, phyllody disease and thrips.
	તલ: ગુજરાત તલ ૨૧ (ગુ.તલ ૨૧ : સોરઠ કલાપી)
	ગુજરાત રાજયમાં ઉનાળુ ઋતુમાં તલની ખેતી કરતા ખેડૂતોને ગુજરાત તલ ૨૧ (ગુ.તલ ૨૧ : સોરઠ કલાપી) જાતનુ વાવેતર કરવા માટે ભલામણ કરવામાં આવે છે. આ જાતનુ સરેરાશ ઉત્પાદન ૧૫૯૩ કિ.ગ્રા./હે. મળેલ છે, જે અંકુશ જાત જીટી ૩ અને જીજેટી ૫ કરતા અનુક્રમે ૧૭.૫ અને ૨૨.૩ ટકા વધારે માલુમ પડેલ છે. આ જાતના દાણા સફેદ અને મોટા, તેમજ તેલનુ પ્રમાણ ૪૭.૩૭ ટકા ધરાવે છે. આ જાતમાં થડ અને મૂળનો કોહવારો, ગુચ્છપર્ણ રોગ તથા થ્રીપ્સનો ઉપદ્રવ ઓછો જોવા મળેલ છે.
	Approved by the house with the following suggestions 1. Add DNA fingerprinting of proposed variety with checks

	2. Verify the pedigree detail in 5 (a) and give detail flow chart in annexure 3. Recast the table 2 as per Performa 4. Mention *Rabi*-Summer in table 3 5. Add quality data and fatty acid profile in table 6 with checks 6. Verify the data of 1000-seed wt (g)
	[Action: *Research Scientist (Pl.Br.), Agricultural Research Station, JAU, Amreli*]
21.1.1.16	**Soybean: Gujarat Soybean 5 (G. Soy 5: Sorath Leela)**
	The farmers of Gujarat state growing soybean during *Kharif* season are recommended to grow early maturing variety Gujarat Soybean 5 (G.Soy 5: Sorath Leela). This variety matures in 90 days and recorded mean seed yield of 2294 kg/ha, which was 20.5 % higher over the check variety JS 20-34 (1903 kg/ha). This variety recorded 19.9 % high oil yield and 17.1 % high protein yield over the check variety JS 20-34. This variety showed lower incidence of *Rhizoctonia* root rot and *Phytophthora* diseases as well as prodenia and thrips infestation as compared to check varieties.
	સોયાબીન: ગુજરાત સોયાબીન ૫ (જી.સોય ૫ : સોરઠ લીલા)
	ગુજરાત રાજ્યમાં ચોમાસું ઋતુમાં સોયાબીનનું વાવેતર કરતા ખેડૂતોને સોયાબીનની વહેલી પાકતી જાત ગુજરાત સોયાબીન ૫ (જી.સોય ૫ : સોરઠ લીલા) નું વાવેતર કરવાની ભલામણ કરવામાં આવે છે. આ જાત ૯૦ દિવસમાં પાકે છે અને તેનું સરેરાશ ઉત્પાદન ૨૨૯૪ કિ.ગ્રા./હે. મળેલ છે, જે અંકુશ જાત જેએસ ૨૦-૩૪ (૧૯૦૩ કિ.ગ્રા./હે.) કરતા ૨૦.૫ ટકા વધારે માલુમ પડેલ છે. અંકુશ જાત જેએસ ૨૦-૩૪ ની સરખામણીએ આ જાતમાં તેલનું ઉત્પાદન ૧૯.૯ ટકા અને પ્રોટીનનું ઉત્પાદન ૧૭.૧ ટકા વધારે મળેલ છે. આ જાતમાં રાઈઝોકટોનીયાથી થતા મૂળના કોહવારા અને ફાયટોફથોરા રોગો તેમજ લશ્કરી ઈયળ અને થ્રીપ્સનો ઉપદ્રવ અંકુશ જાતો કરતા ઓછો જોવા મળેલ છે.
	Approved by the house with the following suggestions 1. Add DNA fingerprinting of proposed variety with checks 2. Verify the pedigree detail in 5 (a) and give detail flow chart in annexure 3. Give common standard nomenclature for check (i.e. 'C') 4. Delete the check NRC 138 in table no. 7 and 8
	[Action: *Research Scientist (Pl.Br.), Agricultural Research Station, JAU, Amreli*]

NAVSARI AGRICULTURAL UNIVERSITY, NAVSARI

21.1.1.17	**Corinder : Gujarat Corinder 5 (GCo5 : Navsari Krupali)**
	The coriander growing farmers of Gujarat are recommended to grow the coriander variety Gujarat Coriander 5 (GCo5: Navsari Krupali) during *rabi* season. This early maturing coriander variety recorded 1608 kg/ha average seed yield, which was 25.88, 33.54 and 7.48 % higher over RCr-728 (NC), Hissar Anand (NC) and

	GCo 3 (LC), respectively. It possesses higher number of umbels per plant, umbellates per umbel, seeds per umbellate and test weight, which makes it more productive. Uniform, round shaped seeds with pleasant aroma due to presence of higher total essential oil content possessed by this variety are the value-added traits. The coriander variety GCo 5 is moderately resistant to fusarium wilt and powdery mildew diseas
	ધાણા: ગુજરાત ધાણા ૫ (જી.કો ૫ : નવસારી કૃપાલી)
	ધાણાની ખેતી કરતા ગુજરાતના ખેડૂતોને શિયાળાની ઋતુ માટે ગુજરાત ધાણા ૫ (જી.કો ૫ : નવસારી કૃપાલી) જાતની ભલામણ કરવામાં આવે છે. વહેલી પાકતી ધાણાની આ જાતનું સરેરાશ બીજ ઉત્પાદન ૧૬૦૮ કિલો/હેક્ટર આવે છે, જે રાષ્ટ્રિય અંકુશ જાતો આરસીઆર-૭૨૮, હિસ્સાર આનંદ અને સ્થાનિક અંકુશ જાત જી.કો-૩ કરતા અનુક્રમે ૨૫.૮૮, ૩૩.૫૪ અને ૭.૪૮% જેટલું વધુ બીજ ઉત્પાદન આપે છે. આ જાત વધુ ચક્કર પ્રતિ છોડ, ઉપચક્કર પ્રતિ ચક્કર, દાણા પ્રતિ ઉપચકકર અને વધારે ૧૦૦૦ દાણાનું વજન ધરાવતી હોવાથી વધુ ઉત્પાદન આપે છે. એકસમાન ગોળાકાર બીજ, વધુ આવશ્યક તેલના પ્રમાણને કારણે આનંદદાયી સુગંધ જેવા વિશિષ્ટ મુલ્યવર્ધક ગુણધર્મો આ જાત ધરાવે છે. ધાણાની જાત જી.કો ૫ સુકારા તેમજ ભૂકીછારાના રોગ સામે મધ્યમ પ્રતિકારકતા ધરાવે છે.
	Approved by the house with the following suggestions 1. In table 1 verify the data of non-significant group 2. Calculate per day productivity by including days to maturity data of all centres 3. Recast the table 2 as per Performa 4. Use common standard unit for biochemical parameter in table 6 5. Mention the range of test weight (g) and mean of seed sphericity in table 4
	[Action: *Professor and Head, Dept. of GPB, NMCA, NAU, Navsari*]
21.1.1.18	**Coriander : Gujarat Leafy Coriander-2 (GLC-2 : Navsari Surabhi)**
	The leafy coriander growing farmers of Gujarat are recommended to grow the leafy coriander variety Gujarat Leafy Coriander 2 (GLC 2: Navsari Surabhi) during *rabi* season. This multi-cut responsive variety recorded 16.95 t/ha average green leaf biomass yield in three cuttings (1st at 40 DAS, 2nd at 15-20 days after 1st cut and 3rd at 15-20 days after 2nd cut), which was 24.43 and 28.37 % higher over GDLC 1 (LC) and Arka Isha (NC), respectively. It possesses higher basal leaves per plant, leaf weight, stem weight, leaflets per plant, petiole length, basal leaf length as well as width. Shiny green leaf biomass with pleasant aroma due to presence of higher essential oil content are the value-added traits. This variety also having better keeping quality due to higher dry weight of fresh leaves. The leafy coriander variety GLC 2 is moderately resistant to fusarium wilt and powdery mildew diseases.

	ધાણા: ગુજરાત લીલા ધાણા ૨ (જી.એલ.સી. ૨ : નવસારી સુરભી)
	લીલા ધાણાની ખેતી કરતા ગુજરાતના ખેડૂતોને શિયાળાની ઋતુ માટે લીલા ધાણાની જાત ગુજરાત લીલા ધાણા ૨ (જી.એલ.સી. ૨ : નવસારી સુરભી) ની ભલામણ કરવામાં આવે છે. વધુ કાપણી માટે અનુકુળ જી.એન.એલ.સી. ૨ જાતનું સરેરાશ લીલા ધાણાનું ઉત્પાદન ૧૬.૯૫ ટન/હેક્ટર ત્રણ કાપણી (પ્રથમ કાપણી વાવણીના ૪૦ દિવસ પછી, બીજી કાપણી પ્રથમ કાપણીના ૧૫ થી ૨૦ દિવસ પછી અને ત્રીજી કાપણી બીજી કાપણીના ૧૫ થી ૨૦ દિવસ પછી)માં આવે છે, જે સ્થાનિક અંકુશ જાત જી.ડી.એલ.સી. ૧ અને રાષ્ટ્રિય અંકુશ જાત અરકા ઈશા કરતાં અનુક્રમે ૨૪.૪૩ અને ૨૮.૩૭% જેટલું વધુ લીલા ધાણાનું ઉત્પાદન આપે છે. આ જાત છોડ દીઠ વધુ પાયાના પાંદડા, પાંદડાનું વજન, દાંડીનુ વજન, છોડ દીઠ પત્રિકાઓ, પાંખડીની લંબાઈ, પાયાના પાંદડાની લંબાઈ તેમજ પહોળાઈ ધરાવે છે. ચમકદાર, સુગંધિત લીલા ધાણા, વધુ આવશ્યક ઉડયનશીલ તેલનું પ્રમાણ આ જાતના મુલ્યવર્ધક ગુણો છે. આ જાત વધુ લીલા પાંદડાનું શુષ્ક વજન ધરાવતી હોવાથી લીલા ધાણાને લાંબા સમય સુધી ગુણવત્તાસભર રાખી શકાય છે. લીલા ધાણાની જાત જી.એલ.સી. ૨ સુકારા તેમજ ભુકીછારાના રોગ સામે મધ્યમ પ્રતિકારકતા ધરાવે છે.
	Approved by the house with the following suggestions 1. Recast the yield tables as per Performa 2. Delete table no. 8 3. Mention the no of cuttings in yield data tables 4. In point 5 (a): Mention the proper pedigree in annexure 5. In point 7 (c): Correct the area of adoption: Gujarat state 6. Delete data of green biomass yield (t/ha) with root
	[Action : Professor and Head, Dept. of GPB, NMCA, NAU, Navsari**]**
21.1.1.19	**Rice : Gujarat Rice-27 (GR-27 : Navsari Bhim)**
	The farmers of Gujarat state are recommended to grow long bold rice variety GR-27 (Navsari Bhim) in transplanted condition during *kharif* season. The proposed variety recorded average grain yield of 5781 kg/ha in Gujarat, which was 13.5 %, 24.6 % and 23.4 % higher over the check varieties GNR-3, GNR-5 and Jaya, respectively. It has long bold grain, medium maturing and more productive tillers per plant. It has intermediate amount of amylose content (23.51 %) with high head rice recovery (61.70 %). The variety is moderately resistant against diseases like bacterial leaf blight, grain discoloration, sheath rot and leaf blast whereas tolerant reaction against pest like brown plant hopper and moderately resistant reaction against stem borer, leaf folder and sheath mite.
	ડાંગર: ગુજરાત ડાંગર – ૨૭ (જી.આર.-૨૭ : નવસારી ભીમ)
	ગુજરાતમાં ખરીફ ઋતુમાં રોપાણ ડાંગરનો પાક ઉગાડતા ખેડૂતોને જી.આર.-૨૭ (નવસારી ભીમ) જાતનું વાવેતર કરવા માટે ભલામણ કરવામાં આવે છે. ડાંગરની સુચિત જાતનું ગુજરાતમાં સરેરાશ ઉત્પાદન ૫૭૮૧ કિ.ગ્રા./હેકટર મળેલ છે, જે અંકુશ જાતો

	જી.એન.આર.-૩, જી.એન.આર.-૫ અને જયા કરતાં અનુક્રમે ૧૩.૫, ૨૪.૬ અને ૨૩.૪ ટકા વધુ ઉત્પાદન મળેલ છે. આ જાતનો દાણો લાબો અને જાડો તેમજ ફુટની સંખ્યા વધુ છે. આ જાતના દાણામાં મધ્યમ એમાઇલોઝ (૨૩.૫૧%) તેમજ વધુ આખા દાણાનું પ્રમાણ (૬૧.૭૦%) ધરાવે છે. ડાંગરની આ જાત જીવાણુંથી થતો પાનનો સુકારા, ભુખરા દાણાનો રોગ, પર્ણચ્છેદના કહોવારા અને પાનનો કરમોડી રોગ સામે મધ્યમ પ્રતિકારકશકિત ધરાવે છે જયારે બદામી ચુસીયા જીવાત સામે પ્રતિકારક અને ગાભમારાની ઈયળ, પાન વાળનારી ઈયળ અને પર્ણતલ કથીરી સામે મધ્યમ પ્રતિકારક શકિત ધરાવે છે.
	Approved by the house with the following suggestions 1. Point No 5 (a): Give pedigree detail separately in annexure 2. Mention pedigree method in point 5 (c) 3. Mention over all mean and % increase accordingly in table 1 4. Mention range and reaction in table 6 (a)
	[Action: *Research Scientist (Rice), Main Rice Research Centre, NAU, Navsari*]
21.1.1.20	**Rice : Gujarat Rice-28 (GR-28 : Navsari Valmiki)**
	The farmers of Gujarat state are recommended to grow long slender rice variety GR-28: Navsari Valmiki) in transplanted condition during *kharif* season. The proposed genotype recorded average grain yield of 5353 kg/ha, which was 34.6%,34.7% and 15.2% higher over the check varieties GR-7, GAR-3 and GR-24, respectively. Long slender grain rice variety GR-28 contains intermediate amylose (20.3%), medium 1000 grain weight (21.5 g) and high head rice recovery (56.1%). The variety is moderately resistant reaction against leaf blast disease and moderately tolerant against brown plant hopper, leaf folder stem borer and sheath mite.
	ડાંગર: ગુજરાત ડાંગર ૨૮ (જી.આર.- ૨૮: નવસારી વાલ્મીકિ)
	ગુજરાતમાં ખરીફ ઋતુમાં રોપાણ ડાંગરનો પાક ઉગાડતા ખેડૂતોને લાબાં અને પાતળા દાણાવાળી ચોખાની જાત જી.આર.-૨૮ નવસારી વાલ્મીકિ)નું વાવેતર કરવા માટે ભલામણ કરવામાં આવે છે. ડાંગરની સુચિત જાતનું ગુજરાતમાં સરેરાશ ઉત્પાદન ૫૩૫૩ કિ.ગ્રા/હેક્ટર છે, જે અંકુશ જાતો જી.આર.-૭, જી.એ.આર.-૩ અને જી.આર.-૨૪ કરતાં અનુક્રમે ૩૪.૬, ૩૪.૭ અને ૧૫.૨ ટકા વધુ છે. ડાંગરની જી.આર.-૨૮ જાત મધ્યમ એમાઇલોસ (૨૦.૩%), મધ્યમ ૧૦૦૦ દાણાનું વજન (૨૧.૫ ગ્રામ) અને વધુ આખા ચોખાનું પ્રમાણ (૫૬.૧%) ધરાવે છે. ડાંગરની સુચિત જાત પર્ણના કરમોડી રોગ સામે મધ્યમ પ્રતિકારકશકિત ધરાવે છે અને બદામી ચુસીયા, પાન વાળનારી ઈયળ, ગાભમારાની ઇયળ તથા પર્ણતલ કથીરી જીવાતો સામે મધ્યમ પ્રતિકારકશકિત ધરાવે છે.
	Approved by the house with the following suggestions 1. Point No 9 (b): Mention important distinguished morphological characters 2. Point No 11 (c): Mention average yield (kg/ha) 3. Mention disease reaction in table 6 (a) 4. Check maturity group 5. Delete check name GR 15 in proposal text
	[Action: *Research Scientist (GPB), Regional Rice Research Station, NAU, Vyara*]
21.1.1.21	**Indian Bean : Gujarat Indian Bean-23 (GIB-23 : Navsari Navsem)**

	The farmers of Gujarat cultivating late *kharif* and *rabi* vegetable Indian bean in Gujarat are recommended to grow Gujarat Indian Bean 23 (Navsari Navsem) variety. The average green pod yield of this variety recorded 13088 kg/ha with overall yield advantage of 13.8 % over the check GNIB 22. It is early and takes 55-60 days for flowering. It is bushy in plant structure and suitable for intercropping. The green pods are narrow with slight curve and have 4-5 seeds per pod. This variety possess more protein content (3.50 %) and total sugar (2.27 mg/g) in green seeds as compared to check. This variety is resistant to BYMV
	પાપડી: ગુજરાત પાપડી ૨૩ (જીઆઈબી-૨૩: નવસારી નવસેમ)
	ગુજરાતમાં મોડા ચોમાસા અને શિયાળુ ઋતુમાં લીલી પાપડીનું વાવેતર કરતાં ખેડૂતોને ગુજરાત પાપડી ૨૩ (નવસારી નવસેમ) જાતનું વાવેતર કરવા ભલામણ કરવામાં આવે છે. આ જાતનું લીલી પાપડીનું સરેરાશ ઉત્પાદન ૧૩૦૮૮ કિ.ગ્રા./હે. મળેલ છે જે અંકુશ જાત ગુજરાત નવસારી પાપડી ૨૨ કરતાં ૧૩.૮% વધુ છે.આ જાતમાં ૫૫-૬૦ દિવસમાં ફૂલ આવે છે. આ જાત છોડ પ્રકારની હોવાથી આંતરપાક માટે વધુ અનુકૂળ છે. આ જાતની લીલી પાપડી ઓછા વણાંકવાળી, પાતળી અને ૪-૫ દાણા ધરાવે છે. આ જાતમાં લીલા દાણામાં પ્રોટીન (૩.૫૦%) અને સર્કરાનું (૨.૨૭ મિલિગ્રામ/ગ્રામ) પ્રમાણ અંકુશ જાત કરતાં વધારે છે. આ જાત પીળા પચરંગીયા વાઇરસને પ્રતિકારક છે.
	Approved by the house with the following suggestions 1. Point No 5 (a): Give pedigree detail separately in annexure 2. Point No 9 (b): Mention important distinguished morphological characters 3. Mention data in q/ha in table 1 4. Mention range and reaction in table 6 (a) 5. Delete data of pod appearance from table 8 6. Verify the biochemical data in table 7 7. Change the title of table 6.
	[**Action:** *Research Scientist (GPB), Pulses & Castor Research Station, NAU, Navsari*]
21.1.1.22	**Pigeonpea : Gujarat Tur-113 (GT-113 : Navsari Reva)**
	The early maturing pigeon pea variety GT-113: Navsari Reva) is recommended to farmers cultivating *kharif* pigeonpea in Gujarat. The average yield of pigeon pea variety GT-113 (Navsari Reva) recorded 1962 kg/ha. It has exhibited overall yield advantage of 27.29, 18.48, 26.5 and 14.2 % over the checks UPAS-120, BDN-711, GT-105 and GT-101, respectively. It matures within 138-148 days (Early group) with spreading in nature, straight green pod and 4-5 seeds per pod. This variety having 22.26 % protein and creamy white seed colour. It is moderately resistant against wilt & SMD.
	તુવેર: ગુજરાત તુવેર- ૧૧૩ (જી.ટી.-૧૧૩: નવસારી રેવા)
	ગુજરાતમાં ચોમાસુ ઋતુમાં તુવેરનું વાવેતર કરતાં ખેડૂતોને વહેલી પાકતી જી.ટી.-૧૧૩ (નવસારી રેવા) જાતનું વાવેતર કરવા ભલામણ કરવામાં આવે છે. તુવેરની

	જાત જી.ટી.-૧૧૩ (નવસારી રેવા) નું સરેરાશ ઉત્પાદન ૧૯૬૨ કિ.ગ્રા./હે. મળેલ છે. જે અન્ય અંકુશ જાતો ઉપાસ-૧૨૦, બી.ડી.એન.-૭૧૧, જી.ટી.-૧૦૫ અને જી.ટી.-૧૦૧ કરતાં અનુક્રમે ૨૭.૨૯, ૧૮.૪૮, ૨૬.૫ અને ૧૪.૨% વધારે છે. આ જાત ૧૩૮-૧૪૮ દિવસમાં (વહેલી પાકતી) પાકે છે, મધ્યમ ઘેરાવો ધરાવતી, સીધી લીલી શિંગો ધરાવતી અને પ્રતિ શીંગ ૪-૫ દાણા ધરાવે છે. આ જાત ૨૨.૨૬% પ્રોટીન અને સફેદ રંગના દાણા ધરાવે છે. આ જાત સુકારા અને વંધ્યત્વના રોગ સામે મધ્યમ પ્રતિકારકતા ધરાવે છે.
	Approved by the house with the following suggestions 1. Delete non-logging words 2. Delete consumers' preference 3. Point No 11 (c): Mention average yield (kg/ha) 4. Check the range in table 7 (c) 5. Delete disease and pest data of AICRP
	[**Action***: Assistant Professor, NARP, COA, NAU, Bharuch*]
21.1.1.23	**Okra: Gujarat Okra-11 (GO-11 :Navsari Purna Samrat)**
	The farmers of Gujarat are recommended to grow okra variety Gujarat Okra 11 (GO 11: Navsari Purna Samrat) during summer and *kharif* season. The proposed variety recorded average 117.00 q/ha fruit yield during *kharif* and summer season in Gujarat which was 12.11, 17.00, 21.12 and 13.22 per cent higher over the checks *viz.,* GAO 5, GO 6, PusaSawani and GAO 8, respectively. This variety recorded average marketable fruit yield 104.00 q/ha and 127.00 q/ha under summer and *kharif* season, respectively in Gujarat state. This variety has medium maturity, having medium size and green fruits. This variety contains less mucilage content (14.22 g/kg) and higher TSS (9.80 ^{0}Brix), total phenol (0.28 %), ascorbic acid (6.20 mg/100 g) and antioxidant activity (0.215 %) as compared to checks while, moisture (90.20 %) and crude protein (0.90 %) were comparable against checks in *kharif* season. Under natural field condition, this variety has less prevalence of YVMV and ELCV diseases reaction as well as fruit and shoot borer, jassids and whitefly infestation as compared to checks.
	ભીંડા: ગુજરાત ભીંડા ૧૧ (જીઓ ૧૧ : નવસારી પુર્ણા સમ્રાટ)
	ગુજરાતમાં ઉનાળુ અને ખરીફ ઋતુમાં ભીંડાની ખેતી કરતાં ખેડૂતોને ગુજરાત ભીંડા ૧૧ (જીઓ૧૧ : નવસારી પુર્ણા સમ્રાટ) જાતનું વાવેતર કરવા માટે ભલામણ કરવામાં આવે છે. આ જાતના વેચાણલાયક ભીંડાનું સરેરાશ ઉત્પાદન ઉનાળુ અને ખરીફ ઋતુમાં ૧૧૭.૦૦ ક્વિન્ટલ/હે. ગુજરાતમાં જોવા મળેલ છે, જે ૧૨.૧૧, ૧૭.૦૦, ૨૧.૧૨ અને ૧૩.૨૨ ટકા અંકુશ જાતો જેવીકે જીએઓ ૫, જીઓ ૬, પૂસા સવાની અને જીએઓ ૮ કરતા વધુ છે. આ જાતના વેચાણલાયક ભીંડાનું સરેરાશ ઉત્પાદન ૧૦૪.૦૦ ક્વિન્ટલ/હે અને ૧૨૭.૦૦ ક્વિન્ટલ/હે અનુક્રમે ઉનાળુ અને ખરીફ ઋતુમાં ગુજરાતમાં જોવા મળેલ છે. મધ્યમ મોડી પાકતી આ જાતના ભીંડા મધ્યમ લાંબા અને લીલા રંગના છે. આ જાતમાં

	અંકુશ જાતો કરતા ઓછા પ્રમાણમાં ચીકાશ (મ્યુસીલેજ) (૧૪.૨૨ ગ્રામ/કીલો) અને વધારે પ્રમાણમાં ટોટલ સોલ્યુબલસોલીડ (૯.૮૦ ^{0}Brix), ફીનોલ (૦.૨૮%), એસ્કોર્બિકએસિડ (૬.૨૦ મિલી/૧૦૦ગ્રામ), અને એન્ટીઓક્સીડેંટ એકટીવિટી (૦.૨૧૫%) માલુમ પડેલ છે, જયારે ભેજ (૯૦.૨૦%) અને ક્રુડ પ્રોટીન (૦.૯૦ ટકા) ભીંડાની અંકુશ જાતો સાથે ખરીફ ઋતુમાં તુલનાત્મક છે. આ જાતમાં અંકુશ જાતોની સરખામણીમાં પીળી નસનો પચરંગીયો અને ઈનેશન પાનનો કોકડવાના રોગ તેમજ ફળ અને ડુંખ કોરી ખાનાર ઇયળ, તડતડિયા અને સફેદ માખીનું નુકશાન ઓછું જોવા મળેલ છે.
	Approved by the house with the following suggestions 1. Recast the salient features: short and precise 2. Point No 5 (a): Give pedigree detail separately in annexure 3. Mention yield data in q/ha 4. Recast the table 1and check significant 5. Delete data of checks GO 9 and GO 10 6. Mention the correct name of location 'S.K.Nagar' instead of Dantiwada
	[**Action**: *Professor and Head, Dept. of Veg. Science, ACH, NAU, Navsari*]
21.1.1.24	**Sweet Potato : Gujarat Sweet Potato-1 (GSP-1 : Navsari Gaurav)**
	The farmers of Gujarat are recommended to grow sweet potato variety Gujarat Sweet Potato 1 (Navsari Gaurav) during *rabi* season. The proposed variety gave 27.00 t/ha marketable tuber yield which is 102.83 and 33.30 per cent higher than check varieties Gouri (NC) and BhuKanti (SC). Spreading type of this variety has medium maturity and tuber of this variety has pinkish skin colour and white flesh. Tuber of this genotype contains higher amount of total sugar (4.28 %), protein (1.54 %), fiber (2.93 %) and antioxidant (18.00 %) as compared to check varieties *viz.,* Gouri (NC) and BhuKanti (SC). It showed moderately resistant reaction against sweet potato weevil under field condition.
	શક્કરિયાં: ગુજરાત શક્કરિયાં-૧ (જીએપી-૧: નવસારી ગૌરવ)
	ગુજરાતમાં શક્કરિયાની ખેતી કરતાં ખેડૂતોને ગુજરાત શક્કરિયા ૧ (નવસારી ગૌરવ) જાતનું વાવેતર કરવા ભલામણ કરવામાં આવે છે. આ જાતના વેચાણલાયક કંદનું સરેરાશ ઉત્પાદન ૨૭.૦૦ ટન/હેક્ટર છે, જે ગૌરી (રાષ્ટ્રીય અંકુશ જાત) કરતાં ૧૦૨.૮૩ અને ભૂકાંતિ (રાજ્ય અંકુશ જાત) કરતાં ૩૩.૩૦ ટકા વધુ છે. ફેલાતી આ જાત મધ્યમ વહેલી પાકતી, તેમજ આ જાતના કંદ આછા ગુલાબી રંગની છાલ અને સફેદ ગર્ભ ધરાવે છે. આ જાતમાં શર્કરા (૪.૨૮%), પ્રોટીન (૧.૫૪%), રેસા (૨.૯૩%) અને એન્ટી-ઓક્સિડન્ટ (૧૮.૦૦%) જોવા મળે છે, જે અંકુશ જાતો ગૌરી અને ભૂકાંતિ કરતાં વધુ છે. આ જાત શક્કરીયાનું ચાંચવું જીવાત સામે મધ્યમ પ્રતિકારકશક્તિ ધરાવે છે.
	Approved by the house with the following suggestions 1. Recast the salient features: short and precise 2. Point No 5 (a): Give pedigree detail separately in annexure 3. Add table 2: Zone wise data 4. Delete word 'station trials' in table 1.

	5. Delete table 6 and 8 6. Verify the biochemical parameters
	[Action: *Professor and Head, Dept. of Veg. Science, ACH, NAU, Navsari*]
21.1.1.25	**Mango : Gujarat Mango-2 (GM-2 : Navsari Navpari)**
